| | | | |
|---|---|---|---|
| ફરિયાદ દાખલતારીખ :– | ૦૪–૧૦–૨૦૨૨ | | |
| ફરિયાદ ફેસલ તારીખ :– | ૧૫/૦૪/૨૦૨૫ | | |
| સમય ગાળો :– | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**વિસનગરના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી ની કોર્ટમાં,**

(શ્રી એ.કે.માવળંકર ચીફ જયુડી.મેજી. **વિસનગર** સમક્ષ)

**ક્રિમીનલ કેસ નં.૧૬૯૯/૨૦૨૨**
**આંક :–૫૬**

**ફરીયાદી:–** **પટેલ મેહુલકુમાર ભરતભાઈ,**
**રહે: એ/૨૮,તિરૂપતી ટાઉનશીપ,ધરોઈ કોલોની રોડ,**
**મુ.તા.વિસનગર,જી.મહેસાણા।**

**વિરૂધ્ધ**

**આરોપી :–** **સુખડીયા અભિશેક ભરતભાઈ,**
**રહે: એ/૯૫, તિરૂપતી રોયલ,મહેસાણા। રોડ,**
**સહજાનંદ સ્કુલની સામે,મુ.તા.વિસનગર,જી.મહેસાણા।**

**બાબત :–** **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

---

ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી આઈ.યુ.પઠાણ
આરોપી પક્ષે વિ.વ.શ્રી પી.બી.બારોટ

---

**ચુ કા દો**

**<u>ફરીયાદીની ફરીયાદ</u>**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી વેપાર કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે અને ફરીયાદી ગાડીઓની લે–વેચ નો ધંધો કરે છે અને આરોપી ફરસાણનો ધંધો કરે છે ફરીયાદી આરોપીની દુકાને થી ખરીદી કરતા હોઈ બંને વચ્ચે મિત્રતાના સબંધો થયેલા અને એકબીજાના પરિચયમાં આવેલા આરોપી એક વર્ષ અગાઉ ફરીયાદીની ઓફીસે આવેલા અને ધંધાર્થે ૬ માસ માટે રૂ.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરા ની માંગણી કરેલી જેથી ફરીયાદીએ સગવડ મુજબ આરોપીને રૂ. ૪,૫૦,૦૦૦/– ૬ માસ માટે હાથઉછીના આપેલાત્યારબાદ ૬ માસનો સમય પુરો થતાં ફરીયાદીએ વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ લેણી રકમ પેટે તેમના ખાતાનો એકિસસ બેન્ક વિસનગર શાખાનો રૂ.૪,૫૦,૦૦૦/–નો ચેક નં. ૨૪૬૯૮૩ તા.૦૫/૦૮/૨૦૨૨ ની પાકતી તારીખનો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલો ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ખાત્રી આપેલ કે સદર ચેક પાકતી તારીખે અગર ત્યારબાદ બેકમાં ભરશો તો તમારી લેણી રકમ તુરત જ જમા મળી જશે ફરીયાદીએ આરોપીની વાત પર વિશ્વાસ રાખી સદર ચેક તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પોતાના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં ભરતાં સદર ચેક કલીયરીંગમાં જતાં રીટર્ન મેમાના કારણ 'ડ્રોઅર સિગ્નેચર ડીફર્સ' ના શેરા સાથે રીર્ટન મેમા સહીત સદર ચેક તા.૦૮/૦૮/૨૨ ના રોજ પરત આવેલો જેની જાણ ફરીયાદીની બેન્કે કરેલી સદર ચેક વગર સ્વીકારે પરત ફરેલ હોઈ ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આર.પી.એડી થી તા.૧૮/૦૮/૨૨ ના રોજ ધંધા તથા ઘર ના સરનામે નોટીસ આપેલ સદર નોટીસો આરોપીને તા. ૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં સદર ચેકની રકમ તેઓએ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી.આમ,આરોપીએ ફરીયાદીને લેણી રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ સમય

મર્યાદામાં તેઓએ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ.આમ હાલના આરોપીએ ફરીયાદીને લેણી રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટનીકલમ–૧૩૮ હેઠળ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપી સામે હાલની ફરીયાદ રજુ થતાં ફરીયાદીનું વેરીફીકેશન નોંધ્યા બાદ આરોપી સામે સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ જેથી આ કામનાં આરોપીને સમંસ ધારાસર બજી જતાં આ કામનાં આરોપી કોર્ટમાં ઉપસ્થિત રહેલાં છે. આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ નાં પ્રબંધો અનુસાર ફરીયાદ અરજી સાથેનાં કાગળો મળ્યાની ખાત્રી કરેલ છે, ત્યારબાદ આરોપીનોઆંક–૧૦ થી જવાબ લેવામાં આવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં હાલની ફરીયાદ આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**–: ફરીયાદ પક્ષે મૌખીક પુરાવાઓ :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પટેલ મેહુલકુમાર ભરતભાઈ નો સોગંદ ઉપરનો પુરાવો | ૦૫ |

**ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ આપેલ અસલ ચેક નં. ૨૪૬૯૮૩ | ૪૫ |
| ૨ | ભરણાં સ્લીપ | ૪૬ |
| ૩ | ચેક રીટર્ન થયા બાબતનો બેંકનો રીર્ટન મેમો અસલ | ૪૭ |
| ૪ | વકીલ મારફતે આરોપીને આપેલ નોટીસની અસલ સ્થળપત્ર | ૪૮ |
| ૫ | આરોપીને ઘરના સરનામે નોટીસ રજી.પો.એડી. કરેલાની પોસ્ટની પાવતી અસલ | ૪૯ |

| | | |
|---|---|---|
| ૬ | આરોપીને ધંધાના સરનામે નોટીસ રજી.પો.એડી. કરેલા ની પોસ્ટની પાવતી અસલ | ૫૦ |
| ૭ | આરોપીને ઘરના સરનામે નોટીસ બજયાની એકનોલોઝમેન્ટ સ્લીપ | ૫૧ |
| ૮ | આરોપીને ધંધાના સરનામે નોટીસ બજયાની એકનોલોઝમેન્ટ સ્લીપ | ૫૨ |

ફરીયાદીએ તેમની આંક–૧ ફરીયાદમાં પ્રતિપાદીત કરેલી હકીકતોને પુરવાર કરવા માટે વટાઉ ખત અધિનિયમનીકલમ–૧૪૫ અન્વયે સોગંદ ઉપર આંક–૦૫ થી પુરાવો આપેલ છે.ત્યારબાદ આંક–૫૩ થી ફરીયાદી તર્ફે ઉલટતપાસનો હુકમ બંધ કરવાની અરજી આપતા આરોપીનો ઉ.ત.નો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યારબાદ ફરીયાદીએ આંક–૫૪ થી પુરાવા બંધની પુરશીસ આપેલ છે.

૩. હાલના કામે બી.એન.એસ.એસ.કલમ ૩૫૧ના પ્રોવીઝોની જોગવાઈ પ્રમાણે આરોપીનું વિશેષ નિવેદન લેવા પર કેસ મુલ્તવી રાખવામાં આવેલ ત્યારબાદ આરોપી હાજર ન રહેતા ફરિયાદપક્ષ તર્ફે આંક–૫૫ થી આરોપીના એફ.એસ.નો હકક બંધ કરવા અરજ આપતા આરોપીના એફ.એસનો હકક બંધ કરી કામ એકતરફી ચલાવવામાં આવેલ છે.

૪ ત્યારબાદ સદરહું ફરીયાદના કામે ફરીયાદી તર્ફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી હાલના કામે આરોપી પક્ષે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોઈ તેમની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

૫. ઉપરોકત કેસના ન્યાયીક નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુદ્દા</u> –**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીએ ફરિયાદી ને કાયદેસરના લેણાં પેટે હાલના ચેક આપેલ હોવાનું અને તે ચેક આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાથી તે કારણસર ચેક પરત ફરતા વટાવખત અધિનિયમન ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે ?

(૨). શું હુકમ ?

**<u>તારણો</u>** :-

૬. ઉપરોકત મુધ્દાઓના મારા તારણો નીચેના કારણસર નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

-: **<u>કારણો</u>** :-

**<u>મૌખીક પુરાવો</u>**

૭. ઉભય પક્ષોના વિ.વ.શ્રીઓએ કરેલી દલીલોની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો જોવામાં આવે તો ફરીયાદ પક્ષે ફરીયાદી નું પુરાવાનું સોગંદનામુ આંક-૦૫ થી રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે,ફરીયાદી વેપાર કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે અને ફરીયાદી ગાડીઓની લે-વેચ નો ધંધો કરે છે અને આરોપી ફરસાણનો ધંધો કરે છે ફરીયાદી આરોપીની દુકાને થી ખરીદી કરતા હોઈ બંને વચ્ચે મિત્રતાના સબંધો થયેલા અને એકબીજાના પરિચયમાં આવેલા આરોપી એક વર્ષ અગાઉ ફરીયાદીની ઓફીસે આવેલા અને ધંધાર્થે ૬ માસ માટે રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા ની માંગણી કરેલી જેથી ફરીયાદીએ સગવડ મુજબ આરોપીનેરૂા.૪,૫૦,૦૦૦/- ૬ માસ માટે હાથઉછીના આપેલાત્યારબાદ ૬ માસનો સમય પુરો થતાં ફરીયાદીએ વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ લેણી રકમ પેટે તેમના ખાતાનો એકિસસ બેન્ક વિસનગર શાખાનો રૂા.૪,૫૦,૦૦૦/-નો ચેક નં. ૨૪૬૯૮૩ તા. ૦૫/૦૮/૨૦૨૨ ની પાકતી તારીખનો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલો ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ખાત્રી આપેલ કે સદર ચેક પાકતી તારીખે અગર ત્યારબાદ બેકમાં ભરશો તો તમારી લેણી રકમ તુરત જ જમા મળી જશે ફરીયાદીએ આરોપીની વાત પર વિશ્વાસ રાખી સદર ચેક તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પોતાના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં ભરતાં સદર ચેક કલીયરીંગમાં જતાં રીટર્ન મેમાના કારણ 'ડ્રોઅર સિગ્નેચર ડીફર્સ' ના શેરા સાથે રીર્ટન મેમા સહીત સદર ચેક તા.૦૬/૦૮/૨૨ ના રોજ પરત આવેલો જેની જાણ ફરીયાદીની બેન્કે કરેલી સદર ચેક વગર સ્વીકારે પરત ફરેલ

હોઈ ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આર.પી.એડી થી તા.૧૮/૦૮/૨૨ ના રોજ ધંધા તથા ઘર ના સરનામે નોટીસ આપેલ સદર નોટીસો આરોપીને તા. ૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં સદર ચેકની રકમ તેઓએ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી. આમ,આરોપીએ ફરીયાદીને લેણી રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ સમય મર્યાદામાં  તેઓએ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ.આમ હાલના આરોપીએ ફરીયાદીને  લેણી  રકમ ચુકવી આપેલ ન હોઈ આમ,ડીમાન્ડ નોટીસ આરોપીને બજવા છતાં આરોપી ચેકની કાયદેસરની રકમ ભરપાઈ કરેલ ન હોઈ જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

ત્યારબાદ ફરીયાદીની ઉલટતપાસ લેવા માટે બચાવપક્ષને પૂરતી તક આપવા છતાં તેમની કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી જેથી ફરીયાદી તર્ફે આંક-૫૩ થી આરોપીના ઉલટતપાસનો હકક બંધ કરવા અરજ આપતા  આરોપીની ઉલટતપાસ નો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>કાયદાનો ઉદ્દેશ</u>**

૮.	નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૮૮૧ માં ભારત સરકાર દ્ધારા ૧૯૬૯ માં બેન્કીંગ કમીશન બેસાડી બેન્કીંગ, પબ્લીક ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટયુટ અને નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અંગે ભલામણો કરવા જણાવેલ અને તે અનુસાર ભલામણો બાદ બેન્કીંગ ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટ અને નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ લો (એમેન્ડમેન્ટ) એકટ ૧૯૮૮ દ્ધારા નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ માં પ્રકરણ ૧૭ નો ઉમેરો કરવામાં આવેલ  કલમ -૧૩૮ જોવામાં આવે તો :-

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેક સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણેની ચેકની રકમ કરતા વધ્યુ છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યાનું ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ના આવે તેને બે વર્ષ

સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંને કરવામાં આવશે. પરંતુ એમ ઠરાવ્યુ છે કે,

(એ). જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ના હોય,

(બી). જયાં સુધી તે ચેકનો પેઈ અથવા તો યથાનુક્રમે ધારક જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહીતી મળ્યાના "ત્રીસ દિવસ" ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી અને

(સી).જ્યાં સુધી એવો ચેક લખનાર ચેકના નાણા લેનાર પેઈને અથતા તે ચેકમાં યથાનુક્રમેધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી આ કલમનું કશું જ લાગુ પડશે નહી.

**<u>ચેકનું એક્ઝીકયુશન</u>**

૧૦. ચેક એ ચોકકસ બેન્કરને કરેલ હુકમ છે, વ્યક્તિનું ખાતુ જે બેન્કમાં હોય તે બેન્કને પોતાના ખાતામાંથી અમુક ચોક્કસ રકમ ચોક્કસ વ્યકતિને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે. ચેકના પ્રકારો જોવામાં આવે તો બેરર ચેક અને એકાઉન્ટ પેચી ચેક, પેચીંગ બેન્કર ( જેમની પાસે ડ્રોઅર નું ખાતુ હોય તે બેન્કર ) ને જયાં સુધી ચેક નકારવાનું કોઈ કારણ ના હોય ત્યાં સુધી તેમણે ચેકની ચુકવણી કરવી પડે. કલમ–૩૧ પ્રમાણે જયાં સુધી ખાતામાં ચેકની રકમ જેટલું બેલેન્સ હોય ત્યાં સુધી પેચીંગ બેન્કરે ચેકની ચુકવણી કરવી જ પડે એવી ચુકવણી કરવામાં કસુર થાય તો કસુરના કારણે ચેક લખનારને કંઈ નુકશાન કે હાની થાય તેનું વળતર આપવું જોઈશે.

આ કામના રેકર્ડ ઉપરની હકીક્તો જોવામાં આવે તો ફરીયાદીએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે,ફરીયાદી વેપાર કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે અને ફરીયાદી ગાડીઓની લે–વેચ નો ધંધો કરે છે અને આરોપી ફરસાણનો ધંધો કરે છે ફરીયાદી આરોપીની દુકાને થી ખરીદી કરતા હોઈ બંને વચ્ચે મિત્રતાના સબંધો થયેલા અને એકબીજાના પરિચયમાં આવેલા આરોપી એક

વર્ષ અગાઉ ફરીયાદીની ઓફીસે આવેલા અને ધંધાર્થે ૬ માસ માટે રૂા.૫,૦૦,૦૦૦/–અંકે રૂપિયા પાંચ લાખ પુરા ની માંગણી કરેલી જેથી ફરીયાદીએ સગવડ મુજબ આરોપીનેરૂા.૪,૫૦,૦૦૦/– ૬ માસ માટે હાથઉછીના આપેલાત્યારબાદ ૬ માસનો સમય પુરો થતાં ફરીયાદીએ વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ લેણી રકમ પેટે તેમના ખાતાનો એક્સિસ બેન્ક વિસનગર શાખાનો રૂા.૪,૫૦,૦૦૦/–નો ચેક નં. ૨૪૬૯૮૩ તા.૦૫/૦૮/૨૦૨૨ ની પાકતી તારીખનો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલો ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ખાત્રી આપેલ કે સદર ચેક પાકતી તારીખે અગર ત્યારબાદ બેકમાં ભરશો તો તમારી લેણી રકમ  તુરત જ જમા મળી જશે ફરીયાદીએ આરોપીની વાત પર વિશ્વાસ રાખી સદર ચેક તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પોતાના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં ભરતાં સદર ચેક કલીયરીંગમાં જતાં રીટર્ન મેમાના કારણ'ડ્રોઅર સિગ્નેચર ડીફર્સ' ના શેરા સાથે રીર્ટન મેમા સહીત સદર ચેક તા.૦૬/૦૮/૨૨ ના રોજ પરત આવેલો જેની જાણ ફરીયાદીની બેન્કે કરેલી સદર ચેક વગર સ્વીકારે પરત ફરેલ હોઈ ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આર.પી.એડી થી તા.૧૮/૦૮/૨૨ ના રોજ ધંધા તથા ઘર ના સરનામે નોટીસ આપેલ સદર નોટીસો આરોપીને તા. ૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં સદર ચેકની રકમ તેઓએ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી. આમ,આરોપીએ ફરીયાદી ને લેણી રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ સમય મર્યાદામાં  તેઓએ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ.આમ હાલના આરોપીએ ફરીયાદીને  લેણી  રકમ ચુકવી આપેલ ન હોઈ આમ,ડીમાન્ડ નોટીસ આરોપીને બજવા છતાં આરોપીએ ચેકની કાયદેસરની રકમ ભરપાઈ કરેલ નથી. ત્યારબાદ આરોપી હાજર  રહેલ નથી કે ફરીયાદીના પુરાવાની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીના લેણાં નો સ્વીકાર કરેલ છે.ત્યારબાદ ફરીયાદીના પુરાવાની ઉલટતપાસ કરવાની તક બચાવપક્ષને આપવામાં આવતા  આરોપી  ધ્વારા હાજર રહી ફરીયાદીની કોઈ ઉલટતપાસ પણ લેવામાં આવેલ નથી.ત્યારબાદ આરોપી હાજર રહેતા ન હોઈ  બી.એન.એસ.એસ.ની

કલમ–૩૫૧ના વિશેષ નિવેદન નો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તર્ફે હાજર રહી કોઈ પુરાવો આપેલ નથી. તેમજ  આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કોઈ દલીલો પણ કરવામાં આવેલ નથી.  સદર કામે આ હકીકત અંગે હાલની ફરીયાદ દાખલ થયા બાદ કે તે પહેલા પોતાના ચેક પરત લેવા માટે કોઈ કાર્યવાહી કરેલ હોય તે અંગેનો કોઈ પુરાવો કે હાલની ફરીયાદ દાખલ થયા બાદ આરોપી દ્વારા પોતાના વિરૂધ્ધ થયેલ ખોટી ફરીયાદ બાબતે કોઈ કાર્યવાહી કરેલ હોય, તેવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી કે સદર આરોપી દ્વારા ફરીયાદીને કોઈ કાયદેસરના નાણા ચુકવવાના બાકી નથી તેવા આરોપીએ કરેલા કથનોનું ખંડનાત્મક પુરાવો રજુ થયેલ નથી.

આ હકીકત ધ્યાને લેતા સવાલ એ રહે છે કે, શું ફરીયાદી પોતાનો કેસ સંપુર્ણ શંકાથી પર પુરવાર કરે છે ? આ તબકકે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું કાનુની અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય, સિવાય કે આરોપી તેને રીબર્ટ કરી શકે. એટલે કે પ્રથમ કાનુની અનુમાન થાય છે કે, આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના લેણા ચુકવવા અને પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા પેટે આંક–૪૫ વાળો ચેક આપેલો હશે. હવે તે અનુ માન નું ખંડન થયેલ નથી. આ ચેકમાં સહિ આરોપીની છે અને તેમના ખાતાનો ચેક છે. જેથી ચેક ફરીયાદીને આરોપીએ કાયદેસરની રીતે અમલ કરાવી શકાય તેવી જવાબદારી અદા કરવા માટે આપેલ હોવાનું માની શકાય તેમ છે. સદર ચેક બાબતે નોટીસ મળવા છતાં કે હાલની ફરીયાદનું સમંસ બજવા છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી કે સદર ફરીયાદી વિરૂધ્ધ કોઈ કાયદેસરના પગલા ભરેલા નથી. જેથી ફરીયાદી તથા આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ હોવાનું માનવા યોગ્ય જણાય છે. વધુમાં આરોપીએ ફરીયાદી વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.

હવે જયારે આટલી હકીકત રેકર્ડ ઉપર જણાતી હોય ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા ૧૩૯ તળેના અનુમાનો ફરીયાદીની તરફેણ કરી શકાય તેમ છે. **<u>નામદાર સુપ્રિમ કોર્ટના હીતેન પી. દલાલ વિરૂધ્ધ બતીન્ધ્ધનાથનો ૨૦૦૧ ક્રિ. લો. જનરલ પાન નં. ૪૬૪૭ તથા ગોવા પ્લાસ્ટ વિરૂધ્ધ શ્રી સીકો ૨૦૦૩ જી. એલ.એચ. પાન નં. ૭૫ (સુ.કો.) પરના ચુકાદાઓ</u>**

જોઈએ તો તેનો સાર એવો છે કે, ઉપરોકત બંને કલમો હેઠળ ઉત્પન્ન થયેલ અનુમાન ખંડીત કરવાનો બોજો આરોપી પર છે અને તે સચોટ પુરાવાથી વહન કરવો જોઈએ, માત્ર ખુલાસો ન ચાલે. એ ખરુ છે કે અનુમાન ખંડીત કરવા માટે હંમેશા આરોપીએ બચાવમાં પુરાવો જ આપવો તેવું કહી શકાય નહી, પરંતુ, જો ફરીયાદીના પુરાવામાંથી પણ જો અનુમાન ખંડીત થતા સંજોગો મળી આવે તો તે ધ્યાને લઈ શકાય.આમ, ફરીયાદીએ જણાવેલ ફરીયાદ, ફરીયાદીનો સોગંદ ઉપરનો પુરાવો તથા સમગ્ર હકીકતો જોતા આરોપીએ ફરીયાદી પાસે ધંધાર્થે છ માસ માટે રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરાની હાથ ઉછીનાની માંગણી કરેલી જેથી ફરીયાદીએ રૂા.૪,૫૦,૦૦૦/–હાથઉછીના આપેલ ત્યારબાદ વાયદો પુરો થતાં ફરીયાદીએ ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ પેટે તેમના ખાતાનો એકિસસ બેન્ક વિસનગર શાખાનો રૂા.૪,૫૦,૦૦૦/–નો ચેક નં. ૨૪૬૯૮૩ તા.૦૫/૦૮/૨૦૨૨ ની પાકતી તારીખનો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલો ચેક આપતી વખતે પાકો વિશ્વાસ અને ખાત્રી આપેલ કે સદર ચેક પાકતી તારીખે અગર ત્યારબાદ બેકમાં ભરશો તો તમારી લેણી રકમ તુરત જ જમા મળી જશે ફરીયાદીએ આરોપીની વાત પર વિશ્વાસ રાખી સદર ચેક તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પોતાના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં ભરતાં સદર ચેક કલીયરીંગમાં જતાં રીટર્ન મેમાના કારણ'ડ્રોઅર સિગ્નેચર ડીફર્સ' ના શેરા સાથે રીર્ટન મેમા સહીત સદર ચેક તા.૦૬/૦૮/૨૨ ના રોજ પરત આવેલો જેની જાણ ફરીયાદીની બેન્કે કરેલી સદર ચેક વગર સ્વીકારે પરત ફરેલ હોઈ ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આર.પી.એડી થી તા.૧૮/૦૮/૨૨ ના રોજ ધંધા તથા ઘરના સરનામે નોટીસ આપેલ સદર નોટીસો આરોપીને તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે તેમ છતાં આરોપી દ્વારા ખંડન કરતો કોઈ સચોટ પુરાવો આપેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવવા માટે પોતાના સંયુકત ખાતાનો ચેક સહી કરીને આપેલા હોવાનું જણાય છે.કાયદેસર ની લેણી રકમ બાકી હોવાના જે કથનો ફરીયાદીએ કરેલ છે તેનું ખંડન કરતો પુરાવો આરોપી રજુ કરી શકેલ નથી. ત્યારે

નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે કાનુની અનુમાન થઈ શકે છે તેમ મારુ માનવું છે.

**<u>કાયદેસરનું દેણું અને જવાબદારી પેટેનો ચેક:–</u>**

૧૧. આ કામમાં ફરીયાદપક્ષ તર્ફે આંક–૦૫ થી પુરાવાનું સોગંદનામું અને તેના સમર્થનમાં આંક–૪૫ ના અસલ ચેક આરોપીએ આપેલ ચેક રજુ કરેલ છે જે જોતાં આરોપીને ફરીયાદી સાથે ફરીયાદીના જણાવ્યા મુજબનો નાણાકીય વહેવાર થયેલ હોવાનું માનવા યોગ્ય જણાય છે, જે આરોપીએ ઉલટ તપાસ કરેલ નથી. જેથી આરોપી દ્વારા કોઇ લેણી રકમ બાકી નથી કે ફરીયાદી સાથે કોઈ વ્યવહાર થયેલ નથી કે આ ચેકમાં સહિ આરોપીની છે અને તેમના ખાતાનો ચેક છે. જેથી ચેક ફરીયાદીને આરોપીએ કાયદેસરની રીતે અમલ કરાવી શકાય તેવી જવાબદારી અદા કરવા માટે આપેલ હોવાનું માની શકાય તેમ છે. સદર ચેક બાબતે નોટીસ મળવા છતાં કે હાલની ફરીયાદનું સમંસ બજવા છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી કે સદર ફરીયાદી વિરૂદ્ધ કોઈ કાયદેસરના પગલા ભરેલા નથી. જેથી ફરીયાદી તથા આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર થયેલ હોવાનું માનવા યોગ્ય જણાય છે. વધુમાં આરોપીએ ફરીયાદી વિરૂદ્ધ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.

**<u>નોટીસની વેધાનિકતા :–</u>**

૧૨. આ કામના ફરીયાદીએ આરોપીને આંક–૪૮ વાળી નોટીસ આપેલ આર.પી.એડી કરેલ તે પોસ્ટની પાવતી આંક–૫૦,૫૧ થી તેમજ આંક–૫૧,૫૨ થી એકનોલોઝમેન્ટ સ્લીપ રજુ છે.એક તબકકે માની લેવામાં આવે તો આરોપીને નોટીસ મળેલ નથી પરંતુ નોટીસમાં જણાવેલ સરનામુ અને ફરીયાદમાં જણાવેલ સરનામુ એકજ હોય તેમજ હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને સમંસની બજવણી થયેલ છે.વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે ***C.C. Alavi Haji— Appellant versus Palapetty Muhammed & Anr. — Respondents Appeal (crl.) 767 of 2007 Decided on : 18-05-2007*** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રીઓ કે.જી.બાલાક્રિષ્નન, આર.વી.રવિન્દ્રન

અને ડી.કે.જૈન સાહેબોએ આ ઉપરોકત ચુકાદા ના પેરા નંબર–૧૭ મા નોઘેલ છે કે… ***<u>It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.</u>***

આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતની ફૂલ બેંચે એવુ ઠરાવેલ છે કે, જયારે કેસનો સમન્સ બજી ગયા પછી પણ હાલના આરોપીએ એટલે કે, આંક:–૪૫ નો ચેક લખનારે દિન–૧૫ (પંદર) માં ફરિયાદી ને ચુકવણું કરેલ નથી તે સંજોગોમાં ચેક લખનાર એટલે કે, આ કામના આરોપી સ્પષ્ટ રીતે એવી રજુઆત કરવાને હકકદાર નથી કે તેઓને નોટીસની યોગ્ય બજવણી થઈ હતી નહીં. જેથી ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતની ફૂલ બેંચે આપેલ ચુકાદો અને હાલનાં કેસની હકીકત એક સમાન હોવાનું મારુ નમ્રપણે માનવુ છે. જેથી બચાવપક્ષે નોટીસ ન મળેલાનો બચાવ ઉપરોકત ચુકાદાને અનુલક્ષીને લાગુ પાડી શકાય નહીં.આરોપીનો

એવો કોઈ બચાવ નથી કે, ફરીયાદમાં જણાવેલ સરનામુ સાચુ નથી. એવા કોઈ સ્પષ્ટ કથનો પણ કરેલ નથી. આમ, આરોપીને કાયદેસરની નોટીસ બજેલ હોવાનુ માનવાને કારણ રહે છે. જનલ કલોજીસ એકટની કલમ–૨૭ તથા પોષ્ટ અધિનિયમ–૧૮૯૮ ની કલમ–૬ મુજબ નોટીસ ખરા સરનામા ઉપર મોકલવામાં આવી હોય ત્યારે તેવુ માની શકાય કે, નોટીસ આરોપીને બજી ગયેલ છે. તેવો મેસર્સ પ્રજાપતિ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના માલીક રમેશભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમુર્તિ શ્રી ડી.પી.બુચ સાહેબે ૨૦૦૪(૧) જી.એલ.એચ., પેજ નં. ૩૬૫ ઉપર ઠરાવેલ છે.

તે જ રીતે **નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૦૮ ક્રિ.લો.રી. (સુપ્રિમ કોર્ટ) ૩૮૨ પર પ્રસિધ્ધ સી.સી.અલ્વી હાજી વિ. પાલાપટ્ટી મહોમંદ અને બીજાઓના** ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જયારે પેઈ રજીસ્ટર એડી. મારફતે ચેક લખનારના ખરા સરનામે નોટીસ મોકલે તો કલમ– ૧૩૮ના કલોઝ–બી ની જરૂરીયાતનું પાલન થાય છે અને જયાં સુધી એડ્રેસી દવારા વિરૂધ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી સામાન્યક્રમમાં નોટીસ બજાવવામાં આવેલ છે તેમ ગણાશે,

આમ, હાલના કેસમાં બચાવપક્ષે હાજર રહી સદર નોટીસ બજેલ નથી એવા કોઈ સ્પષ્ટ કથનો કરેલા નથી. તેમજ હાલની ફરીયાદના કામે પુરાવાથી તે સાબિત કરવા પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં ફરીયાદીએ આપેલ એન.આઈ.એકટ મુજબની ડીમાન્ડ નોટીસ આરોપીને કાયદેસરના જાણીતા સરનામે બજેલ હોવાનું યોગ્ય જણાય છે. જેથી મેન્ડેટરી નોટીસની જોગવાઈનું પાલન થયેલુ જણાઈ આવે છે.

**<u>શું ફરીયાદ પક્ષ દ્વારા કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે ?</u>**

૧૩. હવે જ્યારે ફરીયાદપક્ષે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ નું કાનુની અનુમાન તેમની તરફેણમાં થાય છે. આરોપીએ હાજર રહી ફરીયાદીના પુરાવાનું કોઈ ખંડન પણ કરેલ નથી . આરોપીએ ફરીયાદી પાસેથી ધંધાર્થે કામ સારુ રૂા. ૪,૫૦,૦૦૦/–હાથ ઉછીના રોકડા ૭ માસમાં પરત આપવાની શરતે લીધેલ અને આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ રકમ રૂા.૪,૫૦,૦૦૦/– ૭ માસ પુર્ણ થતા વાયદા મુજબ આરોપીએ રકમ ચુકવી આપેલ નહી,આમ આરોપી પાસે હાથ

ઉછીની લેણી રકમ ૪,૫૦,૦૦૦/– ફરીયાદીને લેવાની નીકળતી હતી તે પટે ચેક આપેલાનું સાબીત થાય છે અને કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપીએ સદર ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ, હોવાનું કાનુની અનુમાન બચાવપક્ષ તોડવામાં નિષ્ફળ ગયેલ છે.ત્યારે આરોપી સામે કલમ–૧૪૨ અન્વયેનું કોઝ ઓફ એકશન ઉભુ થયેલ હોવાનું કાનુની અનુમાન બચાવપક્ષ તોડવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે આરોપી સામે કલમ– ૧૪૨ અન્વયેનુ કોઝ ઓફ એકશન ઉભુ થયેલ હોવાનું કહી શકાય. આથી સમગ્ર પુરાવો જોતા નીચેની હકીકતો પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમ છે.

૧. સબબ સવાલ વાળો ચેક આરોપી નિભાવતા હતા તે એકિસસ બેન્ક વિસનગર શાખાનો આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા ફરીયાદીને આપેલ છે.

૨. આ ચેકમાં સહી આરોપીની છે અને તેમના ખાતાનો ચેક છે. જેથી ચેક ફરીયાદીને આરોપીએ કાયદેસરની રીતે અમલ કરાવી શકાય તેવી જવાબદારી અદા કરવા માટે આપેલ હોવાનું માની શકાય તેમ છે.

૩. ચેક પરત થયાની નિયત સમયમાં કલમ–૧૩૮ હેઠળ જરૂરી ડીમાન્ડ નોટીસ ફરીયાદીએ આરોપીના તેમના જાણીતા સરનામે આપેલ અને તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં નોટીસ મુજબ અમલ કરેલ નથી.

૪. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ માટેનું કાયદેસર કારણ ઉપસ્થિત થયેલ છે તેમ માનવાને કારણ રહેલ છે.

## <u>અંતિમ નિષ્કર્ષ</u>

૧૪. ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા આ કામના ફરીયાદપક્ષ આરોપી સામેની હકીકતોની નિશંક:પણે પુરવાર કરવામાં સફળ થયેલા છે. ફરીયાદીને આરોપીએ તેમના કાયદેસરના લેણા માટે આંક–૪૫ નો ચેક આપેલ હોવાનું પુરવાર થયેલ છે. આરોપીએ ફરીયાદી પાસે ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ લીધેલ હોય તેમ જણાય છે. આરોપીએ હાજર રહી કોઈ બચાવ રજુ કરેલ નથી કે ફરીયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. આમ, ચેક કાયદેસરના લેણા માટેનો ના હતો તેવી હકીકત બાબતે ફરીયાદ પક્ષના પુરાવામાંથી કોઈ ફળદાયક હકીકત પણ બહાર લાવવામાં પણ

બચાવપક્ષ નિષ્ફળ ગયેલ છે. એક કાયદેસરના લેણા માટેના ના હતો તેવી હકીકત પુરવાર કરવાનો બોજો ના. સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આરોપી ઉપર હોય. આરોપી દ્બારા તેવો બોજો હળવો કરવાનો પ્રયાસ કરેલ નથી. તેમાં તેઓ સફળ થયેલા નથી. તેવા સંજોગોમાં આ કામમાં રેકર્ડ ઉપરની અન્ય હકીકતો જોતા ફરીયાદ પક્ષ દ્બારા પ્રસ્થાપીત કરવામાં આવેલી હકીક્ત જોતા એક આરોપી દ્બારા કાયદેસરના લેણા પેટે જ આપવામાં આવેલો હતો તેવું પુરવાર થતું હોય, આમ, ફરીયાદી તરફે રજુ પુરાવા જોતા આરોપીએ એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ, મુદ્દા નંબર:૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. સદરહું કામના આરોપી હાજર ન રહેતા આરોપીના એફ.એસનો હકક બંધ કરવામાં આવેલ છે. શું આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ ? તે પરત્વે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ–૩૫૩(૭) મા નિચે મુજબની જોગવાઈ કરવામા આવેલ છે.

(7) *No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery thereof*, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ ? તે સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશ્યલ ક્રિમીનલએપ્લીકેશન(કવોસીંગ) નં. ૯૧૧૩/૨૦૧૬** હુકમ તારીખ ૨૭/૦૨/૨૦૧૭ ધ્યાને લેવો જરૂરી છે.તથા **R/SPECIAL CRIMINAL APPLICATION No 6721 of 2023 MANOJ VASUDEV SOMPURA Versus STATE OF GUJARAT Date: 15/09/2023** વંચાણે લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરી શકાય છે, અને આરોપીને કલમ–૪૧૮(૨) અન્વયે સજા ભોગવવા માટે બીન જામીન લાયક

વોરંટ ફોજદારી કાર્યરીતી સંહિતાની અન્વયે કાઢી શકાય તેમ છે. આરોપી મળી આવતા નથી. આરોપીના વકીલશ્રી હાજર નથી.ઉકત સંજોગોમા કેસની કાર્યવાહી બિનજરૂરી રીતે લંબાઈ નહી જેથી આરોપીની ગેરહાજરીમા જજમેન્ટ જાહેર કરેલ છે તે સંજોગ ધ્યાને લેતા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટે RAJESH PONNADA VS. SATYANARAYANA SRIRANGAM & ANR. Special Leave to Appeal (Crl.) No(s). 8935/2018 Hon'ble Apex Court has held that,Hon'ble SUPREME COURT OF INDIA in the case RAJESH PONNADA VS. SATYANARAYANA SRIRANGAM & ANR. Special Leave to Appeal (Crl.) No(s). 8935/2018 Hon'ble Apex Court has held that,"Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment." "Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment."

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આજરોજ ચુકાદાને દિવસે પણ આરોપી ગેરહાજર છે વકીલશ્રી હાજર નથી જેથી આજરોજ આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય જેથી હુકમ મુજબ આરોપી સામે સજા વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ સમન્સ કેસ હોય જેથી આરોપી પક્ષને સજા અંગે સાંભળવાની કલમ ૨૭૮(૨) માં કોઈ આવશ્યકતા ના હોય જેથી સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

૧. આ કામના આરોપી સુખડીયા અભિશેક ભરતભાઈનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ- ૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં  તહોમત સબબ તકસીરવાન ઠરાવી–બે (૨) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ  રૂપિયા ૪,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) ચેકની રકમ ફરીયાદીને બી.એન.એન.એસ.ની કલમ–૩૯૫(૩) વળતર તરીકે ચુકવવા એવો હુકમ કરવામાં આવે છે.

૩. હાલના કામના આરોપી સજાનો હુકમ જાહેર કરતા સમયે હાજર ન હોય આરોપી સામે સજા વોરંટ ઈસ્યુ કરી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૫૮ (૨) અન્વયે વોરંટ બજવણી અર્થે નાયબ પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા નાઓને મોકલી આપવા હુકમ કરવામાં આવેલ છે.

૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાનાઓએ તેઓના તાબાના કર્મચારીઓ મારફતે આરોપીને સજા વોરંટ આધારે અટક કરી સજા વોરંટમાં જણાવ્યા મુજબની સજા ભોગવવા માટે જિલ્લા જેલ મહેસાણામાં રજુ કરી અને અત્રેની અદાલતમાં રીપોર્ટ કરવા હુકમ કરવામાં આવે છે.

૫. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ– ૪૦૪ મુજબ આરોપીને આ હુકમની નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવાની હોય છે પરંતુ આજરોજ આરોપીની ગેરહાજરીમાં હુકમ જાહેર કરેલ હોય તેવી નકલ આરોપી સજા ભોગવવા હાજર થયેથી તેઓને આપવા હુકમ કરવામાં આવે છે.

૬. જો આરોપી વળતરની રકમ ચુકવવામા નિષ્ફળ જાય તો  ૬(છ)  માસની સાદી કેદની સજા ભોગવવા નો હુકમ કરવામા આવે છે.

૭. આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૬૮ અન્વયે મજરે આપવાનો હુકમ કરુ છું.

૮. આરોપી આજરોજ કોર્ટમાં હાજર ન હોઈ તેની ગેરહાજરીમાં હુકમ જાહેર કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવુ.

૯. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત કરેલ નકલ આ કામના આરોપી હાજર થયેથી તેઓને વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૧૫ માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૫–૦૪–૨૦૨૫
સ્થળ:– વિસનગર

(એ.કે.માવળંકર)
CODE-GJ00677
ચીફ જયુડી.મેજી.
વિસનગર. જિ.મહેસાણા.